# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી ભુજ

**Date: 08-07-2026        Day:  Wednesday        Evening: 6.25 to 6.30 pm**

**આકાશવાણી ભુજ સમાચાર અશરફ નથવાણી વાંચે છે.**

---

## ગાંધીનગર-મંત્રીમંડળ બેઠક

**ગાંધીનગરમાં રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી., મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં રાજ્યમાં વરસાદની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી. ઉપરાંત ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં થયેલી કામગીરી, રાહત, બચાવ, સ્થળાંતર અને વાવેતરની સ્થિતિ તથા આગામી સમયમાં હવામાન વિભાગની આગાહી તેમજ સરકારના આગામી આયોજન અને નીતિગત વિષય અંગે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. તો, વિજપૉલની નવી નીતિ અંગે પણ મંત્રીમંડળના સભ્યોને અવગત કરાયા હતા.**

**-------------------------------------------------------------------------------**

## વરસાદ

**રાજ્યમાં આજે વરસાદનું જોર ઘટ્યું છે. તેમ છતાં ગત 24 કલાકમાં 28 જિલ્લાના 195 તાલુકામાં વરસાદ થતાં રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 24 ટકા જેટલો વરસાદ થયો છે. તેના કારણે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજનામાં 65.27 ટકા જેટલો જળસંગ્રહ થયો છે. તો, 11 બંધને હાઈઅલર્ટ પર રખાયા છે.**

**બીજી તરફ, ચોમાસામાં પહેલી જૂનથી અત્યાર સુધીમાં વહીવટી તંત્ર દ્વારા એક હજાર 578 લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાયું છે. જ્યારે 174 જેટલા લોકોને બચાવાયા છે. જ્યારે માછીમારોને આગામી 11 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. દરમિયાન કોઈપણ**

કટોકટીને પહોંચી વળવા વિવિધ જિલ્લામાં રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ – NDRFની 12 અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ – SDRFની 27  ટુકડી તૈનાત કરવામાં આવી છે.

--------------------------------------------------------------------------------

## માછીમારી યાંત્રિક હોડીઓ

રાજ્યના માછીમારોની યાંત્રિક હોડીમાં ઉપયોગમાં લેવાતા ડીઝલ પર મૂલ્યવર્ધિત કર - વેટ રાહત આપવાની યોજનામાં વધારો કરાયો છે. પાત્રતા ધરાવતી હોડીને પ્રતિલિટર મહત્તમ 15 રૂપિયા સુધીની વેટ રાહત મળશે. રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા આ નિર્ણય અંગે પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ કહ્યું, હોડીની 20 મીટરની લંબાઈની મર્યાદા સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવી છે. આ નિર્ણયથી રાજ્યની 18 હજારથી વધુ યાંત્રિક હોડીઓને આર્થિક લાભ થશે.

--------------------------------------------------------------------------------

## બિનહથીયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે 449 બિનહથિયારી પોલીસ સબ-ઇન્સ્પેક્ટર - PSIને નિમણૂકપત્ર એનાયત કરાયા. આ પ્રસંગે શ્રી પટેલે નવનિયુક્ત કર્મચારીઓને પોલીસ પરનો વિશ્વાસ જાળવી રાખવા સાથે કામ કરવા અનુરોધ કર્યો હતો.

--------------------------------------------------------------------------------

## કચ્છ યુનિવર્સિટી-ફેલોશીપ

રાજ્ય સરકારની શોધ યોજના અંતર્ગત કચ્છ યુનિવર્સિટીના 46 વિધાર્થીઓની ફેલોશિપ માટે પસંદગી કરાઈ છે. વર્ષ 2019માં આ યોજના શરૂ થયા બાદ કચ્છ યુનિવર્સિટીના

ઇતિહાસમાં આ સૌથી મોટી સિદ્ધિ છે. આ સફળતાથી યુનિવર્સિટીને આગામી સમયમાં NAAC, NIRF અને GSIRF જેવા મૂલ્યાંકનોમાં ગ્રેડ મેળવવામાં ફાયદો થશે.

નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત દ્વારા આખરી પરિણામ જાહેર કરાયું છે. જેમાં સમગ્ર ગુજરાતની 45થી વધુ યુનિવર્સિટીના 1 હજારથી વધુ અરજદારોમાંથી કુલ 842 વિદ્યાર્થીની પસંદગી થઈ છે.

--------------------------------------------------------------------------------------------

## <u>જીલ્લા પ્રવાસન વિકાસ સમિતિ</u>

કચ્છ જિલ્લાના પ્રવાસન ક્ષેત્રને નવી ઊંચાઈઓ પર લઈ જવા અગાઉ કાર્યરત 'જિલ્લા પ્રવાસન સમિતિ' નું માળખું વધુ વિકસાવીને હવે 'જિલ્લા પ્રવાસન વિકાસ સમિતિ' નું નિર્માણ કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને રચાયેલી આ નવરચિત સમિતિની પ્રથમ બેઠકમાં જ લેવાયેલા મુખ્ય નિર્ણય અંતર્ગત કચ્છના ઐતિહાસિક ઝારા ડુંગર, થાન જાગીર તેમજ ધીણોધર ડુંગરના સંયુક્ત વિકાસ માટે 10 કરોડ રૂ. ની દરખાસ્તને બહાલી આપવામાં આવી છે, જે હવે આખરી મંજૂરી અર્થે રાજ્ય સરકારને મોકલી આપવામાં આવશે.

આ ત્રણેય સ્થળો પર પ્રવાસીઓને આકર્ષવા માટે પ્રાથમિક સુવિધાઓ, ટોયલેટ બ્લોક, સુરક્ષિત પગથિયાં, બેસવાની સુવિધા અને વ્યાપક સૌન્દર્યકરણના કાર્યો હાથ ધરવામાં આવશે તેવું કલેકટર અનીલ રાણાવસીયાએ જણાવ્યું હતું.

--------------------------------------------------------------------------------------------

## <u>અખર કેન્દ્રો-ડ્રોપ આઉટ દીકરીઓ</u>

જિલ્લા વહીવટી તંત્ર અને શિક્ષણાધિકારી કચેરીના સહયોગથી કચ્છ મહિલા વિકાસ સંગઠન દ્વારા જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં ચાલતા 45 અખર કેન્દ્રોમાં અભ્યાસથી વંચિત

રહી ગયેલી 450 જેટલી દીકરીઓને ફરીથી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં જોડવાના અભિયાન અંતર્ગત ભુજની માતૃછાયા કન્યા વિધાલય ખાતે સન્માન અને પ્રેરણા સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે અખર કેન્દ્રોમાંથી ગત વર્ષે એસએસસી પરીક્ષા આપનાર 399 દીકરીમાંથી ઉચ્ચ ગુણ સાથે સફળ થયેલી તેમજ ચાલુ વર્ષે ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ મેળવનારી 5-5 દીકરીઓનું જીલ્લા કલેક્ટર અને મહાનુભાવોના હસ્તે સન્માન કરાયું હતું.

------------------------------------------------------------------------------------

## <u>વિશ્વ વસ્તી દિવસ</u>

વિશ્વ વસ્તી દિવસ-2026ની ઉજવણી અંતર્ગત સમગ્ર રાજ્યની સાથે કચ્છમાં પણ આગામી 11 જુલાઈથી 18 જુલાઈ દરમિયાન પરિવાર કલ્યાણ પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનનો મુખ્ય હેતુ પરિવાર નિયોજન અંગે લોકોમાં જાગૃતિ લાવવી, માતા-બાળ આરોગ્યને પ્રોત્સાહન આપવું, દંપતિઓને ગુણવત્તાસભર પરિવાર કલ્યાણ સેવાઓ ઉપલબ્ધ કરાવવી તેમજ જવાબદાર માતા-પિતૃત્વ અંગે જનજાગૃતિ ફેલાવવાનો છે.

આ વર્ષે વિશ્વ વસ્તી દિવસની ઉજવણી માટે રાજ્ય સરકાર દ્વારા "સમૃદ્ધ પરિવારની ઓળખ, સ્વસ્થ માતા અને ખુશહાલ સંતાન" સૂત્ર જાહેર કરવામાં આવ્યું છે. આ સૂત્રને સાકાર કરવા જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુદાયિક આરોગ્ય કેન્દ્રો, હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો, આરોગ્ય ઉપકેન્દ્રો તેમજ શહેરી આરોગ્ય કેન્દ્રો ખાતે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

પરિવાર કલ્યાણ પખવાડિયા દરમિયાન આશા કાર્યકરો, એ.એન.એમ., એમ.પી.એચ.ડબલ્યુ. તથા અન્ય આરોગ્ય કર્મચારીઓ દ્વારા પાત્રતા ધરાવતા દંપતિઓનો સંપર્ક કરી પરિવાર નિયોજનના વિવિધ સાધનો, અંતરાલ પદ્ધતિઓ અને કાયમી પદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપવામાં આવશે.